| | | | |
|---|---|---|---|
| દાવો રજી. તારીખ | ૧૦ | ૦૬ | ૨૦૧૪ |
| દાવો નિકાલ તારીખ | ૧૧ | ૦૬ | ૨૦૨૬ |
| સમય–અવધિ | વર્ષ | માસ | દીવસ |
| | ૧૨ | ૦૦ | ૦૧ |

બાયડના મહે. પ્રીન્સીપાલ સીનીયર સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. બાયડ, જી. અરવલ્લી.

રે.દી.મુ.નંબર : ૦૪/૨૦૧૪

આંક :– ૧૦૪

વાદીઓ
૧. રમેશભાઇ અંબાલાલ મોતીભાઇ પટેલ
૨. મેલાભાઇ શંકરભાઇ ચતુરભાઇ પટેલ
૩. મહેશકુમાર જયંતિલાલ ઉપાધ્યાય
ઉ.વ.આ.પુખ્ત વયના, તમામ ધંધો–ખેતી
નં. ૧ અને નં.૨ રહે. ચોઇલા, તા.બાયડ, જી.અરવલ્ડી.
નં.૩ હાલ રહે. પાન્ડુરંગ સોસાયટી, મોડાસા,
તા.મોડાસા, જી.અરવલ્ડી.

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદીઓ
૧. કૃષ્ણાભાઇ બેચરભાઇ પટેલ
૨. મયંકભાઇ રવચંદભાઇ પુજાભાઇ પટેલ
બંન્ને ઉ.વ.આ.પુખ્ત વયના ,બન્ને ધંધો. ખેતી
બન્ને રહે. ચોઇલા, તા.બાયડ,જીઅરવલ્ડી.

દાવો :– દાવો રૂ.૩૦૦/– ના આંકથી કાયમી મનાઇ હુકમ તથા ડેકલૅરેશન મેળવવા માટેનો

.................................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.એમ.કોઠારી
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : કે.ડી.સોલંકી

.................................................................................................

:: જજમેન્ટ ::

(૧) વાદીના **<u>રે.દી.મુ.નંબર : ૦૪/૨૦૧૪</u>** ની ટૂંકમાં હકીકત નીચે મુજબની છે.

**(૧.૧)** વાદી દવારા તેની દાવા અરજીમા જણાવેલ છે કે, વાદી ચોઇલા તા.બાયડ મુકામે વાદીઓના મકાનો આવેલ છે અને પરિવાર સાથે રહે છે. વાદીઓના મકાનો પીપળાવાળી ફળી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ છે. જ્યારે પ્રતિવાદીઓના મકાનો સામે દરાવતવાળી ફળી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ છે. બન્ને પક્ષકારોના મકાનો સામ સામેની ફળીમાં આવેલ છે. તેમજ વાદીઓના મકાનોના માલીક વાદી નં–૧ ના દાદા તથા વાદી નં–૨ના પિતા શંકરભાઇ ચતુરભાઇનાઓ એ તા–૨૧/૦૩/૧૯૪૯ ની સાલમાં મુળમાલીક પાસેથી રજુસ્ટ્રેર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલુ ત્યારબાદ જરૂરીયાત મુજબ સદર મકાનના બે ભાગ પાડેલા. ઉત્તર તરફનો ભાગ વાદી નં–૧ અને દક્ષીણ તરફનો ભાગ વાદી નં–૨ ના માલીકી કબજા ભોગવટામાં આવેલ છે.વાદી નં–૧ ના ભાગમાં આવેલ મકાનનો ગ્રામ પંચાયત નં–૨૨૪ છે. જે મકાન મોતીભાઇ ચતુરભાઇ પટેલના નામે પંચાયત રેકર્ડ ચાલે છે. જેમાં વાદી નં–૧ રહે છે. જ્યારે વાદી નં–૨ ના ભાગમાં આવેલ મકાનનો ગ્રામ પંચાયત મિલકત નં–૨૨૩ છે. વાદી નં–૨ ના મકાનને અડીને દક્ષીણે વાદી નં–૩ નુ મકાન ગ્રામ પંચાયત ઘર નં–૨૨૨ આવેલ છે. વાદીના મકાનો પુર્વ પશ્ચિમ બારણાના આવેલા છે.

**(૧.૨)** વાદીઓના મકાનો પશ્ચિમે મુળથી વડીલોના સમયથી માલીકી કબજા ભોગવટાની ખુલ્લી ઢોર બાધવાની જમીન આવેલી જે જમીન મુકી બેચરભાઇ કેવળભાઇ પટેલ એટલે કે, આ કામના પ્રતિવાદી નં–૧ ના વડીલની મિલકત યાને મકાનની પછીતમાં આવેલી અને જે પછીતમાં બારી આવેલી છે અને વાદીઓના મકાનની અને પ્રતિવાદીઓના મકાનની પછીત વચ્ચે છુટી જમીન વાદીઓના ઘરની વપરાશની આવેલી. જે છુટી જમીન પુર્વ પશ્ચિમ આશરે ૧૨ થી ૧૪ ફુટ પહોળાઇની અને ઉત્તરે દક્ષિણ લંબાઇની આવેલી જે ખુલ્લી જમીનની હદ ખૂટ વીગત નીચે મુજબ છે.

પૂર્વે :– વાદીઓના મકાનો આવેલ છે.

પશ્ચિમે :– પ્રતિવાદીઓના મકાનો આવેલ છે.

ઉત્તરે :- અંબાવીદાસ અવચળદાસ પટેલના ઘરનો કરે જે હાલ કિરણભાઇ મંગળભાઇ પટેલ રહે છે તે મકાનનો કરો આવેલ છે.

દક્ષિણે :- આગળ ખુલ્લી જગ્યા જે રસ્તાને મળે છે.

વધુમાં વાદી નં-૩ ની માલીકીનુ ગ્રામ પંચાયત ઘર નં-૨૨૨ વાદી નં-૨ને વેચાણ કરેલ છે. અને રહે છે. વેચાણ દસ્તાવેજ થયેલ ન હોય હાલમાં ઘર નંબર-૨૨૨ વાદી નંબર- ૩ ના નામે રેકર્ડે ચાલતુ હોય અને ટાઇટલ હોય વાદી નં-૩ તરીકે પક્ષકાર તરીકે બનાવેલ છે.

**(૧.૩ )** વાદીઓ તેની દાવા અરજીમાં જણાવે છે કે, દાવાવાળી જમીનમાં મુળથી પ્રતિવાદીઓના વડીલોના સમયથી કોઇપણ પ્રકારનો હક્ક, દાવો માલીકી કબજો ભોગવટો આવેલ ન હતો. અને પ્રતિવાદીઓના મકાનની પછી અને તેમા બારીનો હક્ક આવેલો તેમ છતા પ્રતિવાદીઓએ તેમના મુળ હક્ક વિરૂધ્ધ જોહુકમીથી અને કાયદો હાથમાં લઇ કેટલાક વર્ષ પહેલા પ્રતિવાદીઓએ તેઓના મકાનની પૂર્વની પછીતમાં બારણા મુકી નવો હક્ક ઉત્પન્ન થાય તે રીતે કૃત્ય કરી દાવાવાળી જમીનમાં વાયર ઉપયોગ કરવાનું ચાલુ કરેલુ અને દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓના મકાનોની પૂર્વ દાવાવાળી જમીન પૈકી આશરે ૫ થી ૬ ફુટ પૂર્વ પશ્ચિમ પહોળાઇ અને ઉત્તર દક્ષિણ લંબાઇની જમીનમાં સીમેન્ટનું રળથળ કરી ચુલા કરી ખુલ્લો વપરાશ કરવાનું શરૂ કરેલુ જે બાબતે પ્રતિવાદીઓને અટકાવેલા પરંતુ પ્રતિવાદીઓ પડોશમાં હોઇ અને કુટુંબમાં થતા હોય વાદીઓએ કોઇ કાર્યવાહી કરેલી નહી.વધુમાં દાવાવાળી જમીનમાં વાદીઓનો જ માત્ર હક્ક અને કબજો ભોગવટો આવેલો અને પ્રતિવાદીઓનો કોઇ હક્ક માલીકી કે કબજો ભોગવટો આવેલ ન હતો. માત્ર તેઓના મકાનોની પછીત અને તેમાં બારી આવેલી તેની જગ્યાએ પ્રતિવાદીઓએ અનઅધિકૃત રીતે પછીતમાં મુકી અને દાવાવાળી જગ્યા પૈકીમાં દબાણ કરી વાપર ઉપયોગ શરૂ કરેલો.

**(૧.૪)** વાદી તેમની દાવા અરજીમાં જણાવે છે કે, ઉપરોક્ત હકીકત હોવા છતા પ્રતિવાદીઓ તેઓના મકાનોની પૂર્વે દાવાવાળી જમીનમાં અવરોધ થાય, વાદીઓને ભારે નુકસાન થાય અને સ્થળ સ્થિતિમાં ફેરફાર થાય તેવો પ્રયાસ કરવા અને મકાનોમાં પૂર્વેની પછીતે પૂર્વે પશ્ચિમના ઢાળ

પડે તેમ લોખંડની પાઇપો પૂર્વે પશ્ચિમ ૭ ફૂટ લંબાઇની તેઓના મકાનોની પછીતમાં ખેંચી નાખેલ છે.જે લોખંડની પાઇપો આશરે ૧૫ નંગ જેટલી પ્રતિવાદીઓઓ તેઓના મકાનોની પછીતમાં નાખી દીધેલ છે અને આ રીતે દાવાવાળી જમીનમાં અન્ય હક્કો ઉત્પન્ન કરવા ગેરકાનુની પ્રયાસ કરી દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો, વાપર ઉપયોગ કરી શરીએ નહી અને પ્રતિવાદીઓ ખુલ્લી જગ્યામાં પાઇપો નાખી તેના ઉપર પતરા આજરોજ નાખી દાવાવાળી જગ્યા પૈકીની જગ્યા કવર્ડ કરવા પ્રયાસ કરેલ છે અને આ રીતે પ્રતિવાદીઓએ લોખંડની પાઇપો લાખી પતરા નખી નવા હક્ક, અધિકાર ઉત્પન્ન કરવા આજરોજ પ્રયાસ કરેલ છે. વધુમાં લોખંડની પાઇપો ઉપર પતરા નખી વરસાદ વગેરેનું પાણી અને તેના નેવ પણ વાદીઓની માલીકીની ખુલ્લી જગ્યામાં પડે અને તે રીતે પણ વાદીઓને નુકશાન થાય તેવો પ્રયાસ કરેલ હોય પ્રતિવાદીઓએ કરેલ અનઅધિકૃત કૃત્યો દુર કરાવવા અને આજરોજ નાખેલ લોખંડની પાઇપો ઉપરના પતરા નાખી અને વાદીઓના દાવાવાળી જમીનના વપરાશમાં તથા હવા ઉજાસના હક્કોમાં પણ અવરોધ થાય તેવો પ્રતિવાદીઓએ પ્રયાસ કરેલ હોય આ દાવો કામચલાઉ આદેશાત્મક મનાઇ અરજીની દાદ સહીત દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૧.૫) વધુમાં વાદી તેમની દાવા અરજીમાં જણાવે છે કે, પ્રતિવાદીઓએ વાદીની દાવાવાળી જમીનમાં અનધિકૃત કૃત્યો કોઇ પણ જાતના હક્ક, અધિકાર વગર કર્યા ત્યારથી તેમજ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ તેઓના મકાનોની પૂર્વની પછીતમાં લોખંડની પાઇપો નાખી તેના ઉપર પતરા નાખી અને જગ્યા કવર્ડ કરવાનો પ્રયાસ કરેલ હોય વાદીની દાવાવાળી જમીન પરત્વેના હક્કો નષ્ટ થાય અને નુકશાન થાય તેવો ગેરકાનુની પ્રયાસ કરેલ હોય ત્યારથી આ દાવો કરવાનું કારણ આપ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે. વાદીઓએ નીચે મુજબ દાદ માંગેલ છે.

(અ) મોજે ચોઇલા, તા.બાયડમાં વાદીના ગ્રામ પંચાયત મકાન નંબર-૨૨૪,૨૨૩ અને ૨૨૨ ની પશ્ચિમે જે દાવાવાળી જમીન આવેલી છે. જેના ખુંટ ઉપર પેરા-પમાં જણાવેલ વર્ણવેલ છે. તે હદખુંટ વચ્ચેની દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના કોઇ હક્ક,અધિકરાર નથી. તેવુ જાહેર કરી પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં જે અનધિકૃત કબજો કરી અનઅધિકૃત કૃત્યો બાધકામ સ્વરૂપે કરેલા છે. તે તમામ અનધિકૃત કૃત્યો બાંધકામ સ્વરૂપના કોઇ પણ હક્ક, હિત

,અધિકાર વગરના જાહેર કરી અને કરેલ બાધકામ સ્વરૂપના કૃત્યો પણ હક્ક,હિત,અધિકાર વગરના જાહેર કરી પ્રતિવાદીઓએ કરેલ અનધિકૃત કબજો અને બાધકામ સ્વરૂપના કૃત્યો પ્રતિવાદીઓના ખર્ચે અને જોખમે દુક કરાવશો. જો તેમ કરવામાં પ્રતિવાદીઓ કસુર કરે તો નામદાર કોર્ટ થકી કોર્ટ કમીશનરશ્રી નીમી પ્રતિવાદીઓએ કરેલ દાવાવાળી જમીનમાં અનધિકૃત કબજો અને બાધકામ સ્વરૂપના કૃત્યો પ્રતિવાદીઓના ખર્ચે અને જોખમે દુર  કરાવવા હુકમ કરી વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમ નામું કરી આપશો. તેમજ વાદીઓની દાવાવાળી જમીનના માલીક કબ્જો ભોગવટામાં વાપર,ઉપયોગમાં પ્રતિવાદીઓ જાતે કે અન્ય કોઇ મારફતે કોઇ પણ પ્રકારનો હેલો, હરકત, અવરોધ રૂપાવટ કરે કરાવે નહી.અગર હેલો, હરકત, અવરોધ રૂકાવટ થાય તેવુ કઇ પ્રકારનું કૃત્ય કરે કરાવે નહી તેવો કાયમી અને જાથુનો મનાઇ હુકમ પ્રતિવાદીઓને આપી વાદીઓના લાભમાં હુકમનામું કરી આપશો.

(બ) સદર દાવાનું ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવશો.

(ક) નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવશો.

(૨) પ્રતિવાદીઓને દાવાનો સમન્સ ઈશ્યુ કરવામા આવેલ જે અનુસંધાને આ દાવાનો સમન્સ ધારસર રીતે બજાવવામા આવેલ ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓ જાતે તથા વિ.વ.શ્રી મારફત હાજર હેલ  છે અને આ કામના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ આંક – ૧૭ થી દાવાનો જવાબ રજુ કરેલ છે.

(૨.૧) આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ ના આંક– ૧૭ –અને આંક–૧૮ થી દાવાનો જવાબ રજુ કરેલ છે તે બંને આંક– ૧૭ –અને આંક–૧૮ વાળા જવાબોની વિગતો ધ્યાને લઈએ તો, તેમાં આ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ વાદીની દાવા અરજી ખરી ન હોવાનુ અને પોતાને કબુલ મંજુર ન હોવાનુ જણાવી વાદીનો દાવો કાયદાની જોગવાઈ મુજબ ચાલી  શકે તેમ ન હોવાનો અને આ કામે વાદીને હાલનો આ દાવો કરવાનો અધિકાર નથી તેમજ, વાદીનો દાવો ફોલ્સ, ફ્રીવોલ્સ તથા માલાફાઈડ ઈન્ટેન્શન વાળો હોય રદ થવાને પાત્ર છે તેવો  બચાવ રજુ કરી વિશેષમા બચાવ લીધેલ છે કે, સદરવું કામના વાદીની દાવા તેમજ મનાઈ અરજી ની હકિકતો જોતાં આ કામના વાદીએ લાંબા સમય પછી આપ નામદાર કોર્ટમાં દાવો તેમજ મનાઈ અરજી દાખલ કરેલ

છે. જેથી પણ સદરહું દાવા તેમજ મનાઈ અરજી ને સમય મર્યાદાનો બાદ નડે છે. જેથી પણ આ કામના વાદીની દાવા તેમજ મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. એટલે કે આ કામના વાદીના દાવા તેમજ મનાઈ અરજી ને સમય મર્યાદાનો બાદ નડે છે.

**(૨.૨)** સદરહુ કામના વાદી એ સદરહુ દાવા તેમજ મનાઈ અરજીમાં સત્ય હકિકતો છુપાવી ખોટી હકિકતો ઉપજાવી કાઢેલ હોઈ જેથી આ કામના વાદીના આ દાવા તેમજ મનાઈ અરજીને સપ્રેશન ઓફ ફેકટનો બાદ નડે છે. તેમજ વાદી નામદાર કોર્ટમાં કલીન હેન્ડે આવેલ ન હોઈ વાદીનો દાવો પ્રથમ દંષ્ટીએ રદ થવાને પાત્ર છે. આ કામના વાદી એ તેમની બંને અરજીના સમર્થનમાં રજુ કરેલા દસ્તાવેજી પુરાવામાં જે દસ્તાજ રજૂ કરેલ છે. તે દસ્તાવેજ તેમની મીલ્કતનો દસ્તાવેજ રજૂ કરેલ છે કે કે- તે જણાઈ આવતું નથી. તેમજ સદરહુ કામના વાદી જે દસ્તાવેજના આધારે આપ નાદાર કોર્ટમાં દાવો કરેલ છે. તે મકાનોની લંબાઈ પહોળાઈ તેમજ માન દર્શાવતા કોઈ પુરાવો આપ નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી.જેથી પણ આકામના વાદીની બંને અરજીઓ રદ થવાને પાત્ર છે.

**(૨.૩)** વધુમાં પ્રતિવાદી તેના જવાબમાં જણાવે છે કે,આકામના વાદીઓ તેમની બંને અરજાઓના પેરા નં-૧માં જણાવેલ હકિકત માં વાદી તેમજ પ્રતિવાદીઓ અલગ અલગ વિસ્તારમાં ઓળખાતા ફળીયામાં રહે છે.તે હકિક્ત અંગે તકરાર નથી પરંતુ બંને પક્ષકારો ના મકાનો એક બીજાની સામ સામેના ફળીયામાં આવેલા છે. તે હકીકત ખરી નથી. સત્ય હકિકત એ છે કે વાદી તેમજ પ્રતિવાદીઓના મકાન તેમજ બીજા ઈસમોના રહેણાંકના મકાનનો પાછળનો ભાગ આવેલ છે.

**(૨.૪)** વધુમાં પ્રતિવાદીઓ તેના જવાબમાં જણાવે છે કે, આકામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં-૨માં જણાવે છે કે, વાદીઓના મકાનનો ના મુળ માલિક વાદી નં-૧ ના દાદા તથા વાદી નં-૨ ના પિતા શંકરભાઈ ચતુરભાઈ પટેલ એ તા-૨૧/૩/૧૯૯૪ ની સાલમાં મુળ માલિક પાસેથી રજી વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલુ ત્યારબાદ જરૂરીયાત મુજબ સદર મકાનના બે ભાગલા પાડેલા અને ઉત્તર તરફનો ભાગ વાદી નં-૧ અને દક્ષિણ તરફનો ભાગ વાદી નં-૨ ના માલિકી કબજા ભોગવટામાં આવેલો તે હકિકત ખરી નથી. જો હકિક્તમાં ઉપરોકત વાદીના જણાવ્યા અનુસારના ભાગલા પાડેલ હોતતો તે ભાગલાનો કરાર કે તેના લગતો કોઈ દસ્તાવેજી

પુરાવો આ કામના વાદીઓ એ નામદાર કોર્ટમાં રજુ કરેલ હોત તેથી પણ આ કામના વાદીઓ આ દાવાના કામે મહત્વની હકિકત છુપાવી સ્વચ્છ હાથે નામદાર કોર્ટમાં આવેલ ન હોવાનુ સાબિત થાય છે જેથી બંને અરજીઓ રદ થવાને પાત્ર છે.

**(૨.૫)** વધુમાં પ્રતિવાદીઓ તેના જવાબમાં જણાવે છે કે,આ કામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં-૩માં જણાવે છે કે, વાદી નં-૧ ના ભાગમાં આવેલ મકાનનો ગ્રામ પંચાયત મીલ્કત નંબર ૨૨૪ છે. જે મકાન મોતીભાઈ ચતુરભાઈ પટેલના નામે પંચાયતના રેકર્ડમાં ચાલે છે. પરંતુ વાદી નં-૧ તે ભાગમાં રહે છે. જયારે વાદી નં-૨ ના ભાગમાં આવેલ મકાનનો ગ્રામ પંચાયત મીલ્કત નંબર ૨૨૩ છે. તે હકિકત સાચી નથી. સત્ય હકિકત એ છે કે આ કામના વાદી નં-૧ ને તેમના કથન મુજબ આ કામે દાવો તેમજ મનાઈ અરજી કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. જો આ કામના વાદી નં-૧ ગ્રામ પંચાયતની મીલ્કત નં-૨૨૪ ની તેમના ભાગમાં આવેલ છે. તે દર્શાવતો કોઈ પુરાવો નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. જેથી પણ આ કામના વાદી નં-૧ ને આ દાવો કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી. વધુમાં પ્રતિવાદી તેના જવાબમાં જણાવે છે કે,આકામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં-૪માં જણાવે છે કે, વાદી નં-૨ ના મકાનને અડીને દક્ષીણે વાદી નં-૩ નાનુ મકાન ગ્રામ પંચાયત મકાન નં-૨૨૨ આવેલ છે. અને વાદીઓ ના મકાનો પૂર્વ પશ્ચિમ દિશાના આવેલા ની હકિકત યોગ્ય પુરાવાથી સાબિત કરવી જોઈએ.

**(૨.૬)** વધુમાં પ્રતિવાદી તેના જવાબમાં જણાવે છે કે,આ કામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં-૫ માં જણાવે છે કે, વાદીઓ તેમના મકાનોની પશ્ચિમે મુળથી વડીલોના સમયથી માલીકી કબજા ભોગવટાની ખુલ્લી ઢોર બાંધવાની જમીન આવેલી જે જમીન મુકી બહેચરભાઈ કેવળભાઈ પટેલ એટલે કે આ કામના પ્રતિવાદી નં-૧ નાની વડીલની મીલ્કત પાને મકાનની પછીત આવેલ અને તે પછીતમાં બારી આવેલી અનેઅમો વાદીઓના મકાનની અને પ્રતિવાદીઓના મકાનની પછીત વચ્ચે છુટી જમીન અમો વાદીઓ ના ઘર વપરાશની આવેલી જે છુટી જમીન પૂર્વ-પશ્ચિમ આશરે ૧૨ થી ૧૪ ફુટ પહોળાઈ ની અને ઉત્તર-દક્ષિણ લંબાઈની આવેલી જે ખુલ્લી જમીનની હદ ખૂંટ બતાવેલ છે. તે હકિકત ખોટી છે.

(૨.૭) વધુમાં જણાવે છે કે, આકામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં–૬ની હકિકત યોગ્ય પુરાવાથી સાબીત કરવી જોઈએ. અને પેરા નં–૬ ની હકિકત અમો પ્ર.વાદીઓ ને કબુલ મંજુર નથી.

(૨.૮) વધુમાં પ્રતિવાદીઓ તેના જવાબમાં જણાવે છે કે,આકામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં–૭ માં જણાવે છે કે, દાવા વાળી જમીનમાં મુળથી પ્ર.વાદીઓ ના વડીલોના સમયથી કોઈ પણ પ્રકારનો હકક દાવો માલીકી કબજો ભોગવટો આવેલ ન હતો અને પ્ર.વાદીઓ ના મકાનની પછીત અને તેમાં બારીનો હકક આવેલો તેમ છતાં પ્ર.વાદીઓ એ તેઓના મુળ હકકવિરૂધ્ધ જો હુકમીથી અને કાયદો હાથમાં લઈ કેટલા વર્ષ પહેલા પ્ર.વાદી ઓએ તેઓના મકાનની પૂર્વ ની પછીતમાં બારણા મુકી નવો હકક ઉત્પન્ન થાય તે રીતે કૃત્ય કરી દાવા વાળી જમીનમાં વાપર ઉપયોગ કરવાનુ ચાલુ કરેલુ અને દાવા વાળી જમીનમાં પ્ર.વાદી ઓ એ તેઓના મકાનોની પૂર્વે દાવા વાળી જમીન પૈકી આશરે ૫ થી ૬ ફુટ પૂર્વ–પશ્ચિમ પહોળાઈ અને ઉત્તર – દક્ષિણ લંબાઈની જમીનમાં સીમેન્ટનું રળથળ કરી ચુલા કરી ખુલ્લો વપરાશ કરવાનુ શરૂ કરેલુ જે બાબતે પ્ર.વાદીઓ ને અટકાવેલા પરંતુ પ્ર.વાદીઓ પાડોશમાં હોઈ અને કુટુંબમાં થતા હોઈ અમો વાદીઓ એ કોઈ કાર્યવાહી કરેલી નહી. તે હકિકત અંશતઃ સાચી છે. આ કામના વાદીઓ અમો પ્ર.વાદીઓ નો આ કામે વાદીઓ એ જણાવેલ દાવા વાળી જમીનનો ઘણા લાંબા સમયથી એટલે કે અનંત કાળથી કબજો ભોગવટો આવેલ છે. તેમજ અમો પ્ર.વાદીઓના પછીતમાં મકાન બનાવ્યા તે સમય થી બારણા મુકેલા છે. અને તે મકાનનોની પછીતની દિવાલ પછીની ૬ થી ૭ ફુટ લંબાઈ વાળી મીલ્કતનો અમો પ્ર.વાદીઓ આ કામના વાદીઓ ની જાણમાં સતત પણે અવિરત અને અસ્ખલીત રીતે અને કોઈ પણ જાતના રોકટોક વગર વાપર ઉપયોગ કરીએ છીએ અને કરતા આવ્યા છીએ. અને સદરહુ જમીન ઉપર ઘણા લાંબા સમય પહેલાંથી સીમેન્ટનુ રળથળ કરેલુ છે. અને મકાનની પછીતથી ૬ ફુટ આશરે અમો પ્ર.વાદીઓના ચુલા આવેલા છે. તેમજ વાદીઓ તેમના મકાનોની પાછળની બાજુએ ખુલ્લી જગ્યા આવેલી છે. તે જગ્યામાં તેઓ એ પણ રળથળ કરી સીમેન્ટના થાંભલા બનાવી તેમજ તેની ઉપર પતરા નાખી સદરહુ દાવાવાળી જગ્યાનો ઉપયોગ કરે છે. તેમજ અમો આ કામના પ્ર.વાદીઓ એ અમારા પછીતના ભાગમાં દિવાલમાં લાકડા નાખી

પતરાના છાપરા બનાવેલા તે ઘણા પુરાણા થઈ ગયેલા હોય અમો પ્ર વાદીઓ એ તે લાકડા તેમજ પતરા તોડી નાખી અમો પ્ર.વાદીઓ ની દિવાલમાં લોખંડની એંન્ગલો મારી તેમજ તેના ઉપર નવીન પતરાં નાખી અમો પ્ર.વાદીઓ ખુલ્લી જગ્યાનો વર્ષોથી વાપર ઉપયોગ કરીએ છીએ. તે જગ્યા એ નવીન પતરા તેમજ એન્ગલો નાખતાં આ કામના વાદીઓ એ ખોટુ કારણ બતાવી ખોટો દાવો કરેલ છે.

**(૨.૯)** વધુમાં પ્રતિવાદીઓ પોતાના જબાવમાં પોતાના જવાબમાં જણાવે છે કે,આકામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં–૮ માં જણાવે છે કે, દાવા વાળી જમીનમાં માત્ર વાદીઓનો હકક અને કબજો ભોગવટો આવેલ છે. અને પ્ર.વાદીઓનો કોઈ હકક કે માલીકી કે કબજો ભોગવટો આવેલ ન હતો માત્ર તેઓ ના મકાનનોની પછીત અને તેમાં બારી આવેલી તે જગયાએ પ્ર.વાદીઓએ અન અધિકૃત રીતે પછીતમાં બારણુ મુકી અને દાવાવાળી જગ્યા પૈકીમાં દબાણ કરી વાપર ઉપયોગ શરૂ કરેલો તે હકિકત ખરી નથી.

**(૨.૧૦)** વધુમાં, પ્રતિવાદીઓ પોતાના જવાબમાં જણાવે છે કે,આ કામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં–૯ માં જણાવે છે કે, પ્ર.વાદીઓ તેઓના મકાનનો ની પૂર્વે દાવાવાળી જમીનમાં અવરોધ થાય વાદીઓને નુકશાન થાય અને સ્થળ સ્થીતીમાં ફેરફાર થાય તેવા પ્રયાસો કરવા અને મકાનોની પૂર્વની પછીતે પૂર્વ–પશ્ચિમ નો ઢાળ પડે તેમ લોખંડની પાઈપો ૭ ફુટ લંબાઈ ની તેઓના મકાનોની પછીતમાં કોચી નાખેલ છે. અને જે લોખંડની પાઈપો આશરે ૧૫ નંગ જેટલી પ્ર.વાદીઓએ તેઓના મકાનોની પછીતમાં નાખી દીધેલ છે. અને આ રીતે દાવાવાળી જમીનમાં અન્ય નવો હકક ઉત્પન્ન કરવા ગેરકાનુની પ્રયાસ કરી દાવા વાળી જમીનમાં અમો વાદીઓનો કબજો ભોગવટો વાપર ઉપયોગ કરી શકીએ નહી. અને પ્ર.વાદીઓ ખુલ્લી જગ્યામાં પાઈપો નાખી તેના ઉપર પતરા આજરોજ (દાવો કર્યો તે સમયે) નાખી દાવા વાળી જગ્યા પૈકીની જગ્યા કવર્ડ કરવા પ્રયાસ કરેલ છે. અને એ રીતે પ્ર.વાદીઓ એ લોખંડની પાઈપો નાખી પતરા નાખી નવો હકક અધિકાર ઉતપન્ન કરવા આજરોજ પ્રયાસ કરેલ છે. વધુમાં લોખંડની પાઈપો ઉપર પતરા નાખી વરસાદ વિગેરેનુ પાણી અને તેના નૈવા પણ વાદીઓ ની માલીકીની કબજાની ખુલ્લી જમીનમાં પડે તે રીતે વાદીઓ ને નુકશાન થાય તેવો પ્રયાસ પ્ર.વાદીઓ એ કરેલ હોય જેથી વાદીઓને નુકશાન

થાય તેવો પ્રયાસ કરેલ હોય તે સંજોગોમાં પ્ર.વાદીઓ વિરૂધ્ધ આદેશાત્મક મનાઈ હુકમ મેળવવા અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. તે તમામ હકિકત આ કામના વાદીઓએ પોતાની અરજીના સમર્થનમાં ખોટી જણાવેલ છે.

**(૨.૧૧)** વધુમાં પ્રતિવાદીઓ તેના જવાબમાં જણાવે છે કે, આ કામના વાદીઓ તેમની બંને અરજીઓના પેરા નં–૧૦ માં જણાવે છે કે, આ કામના પ્ર.વાદીઓ એ કોઈ પણ જાતના હેક્ક અધિકાર વગર દાવાવાળી જમીનમાં પ્ર.વાદીઓએ તેઓના મકાનની પૂર્વની પછીતમાં લોખંડની પાઈપો નાખી તેના ઉપર પતરા નાખી અને જગ્યા કવર કરવાનો પ્રયાસ કરેલ હોય જેથી વાદીઓની દાવાવાળી જમીન પરના હકકો નષ્ટ થાય તેવો ગેરકાનુની પ્રયાસ કરેલ હોય અને તેથી આ અરજી કરવાનું કારણ ઉપસ્થત થયેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં, આકામના વાદીઓ તેમની બંને અરજીઓના પૅરા નં–૧૧ માં સબબ દાવો કરી દાદ એ માગે છે કે, હદ ખુંટના પેરા નં–૫ માં વર્ણવેલ દાવા વાળી જમીનમાં પ્ર.વાદીઓ નો કોઈ હકક અને અધિકાર નથી તેવુ જાહેર કરી પ્ર.વાદીઓ દાવાવાળી જમીનમાં જે અનઅધિકૃત કબજો કરી અનઅધિકૃત રીતે બાંધકામ કરી તેમજ કોઈ પણ હકક હિત અધિકાર વગરના જાહેર કરી અને કરેલ બાંધકામ સ્વરૂપના કૃત્યો અધિકાર વગરના જાહેર કરી પ્ર.વાદીઓ એ કરેલ અને અધિકૃત કબજો અને બાંધકામ પ્ર.વાદીઓના ખર્ચે અને જોખમે દુર કરાવી વાદીઓના લાભમાં અને પ્ર.વાદીઓના વિરૂધ્ધમાં હુકમનામુ કરાવી આપવા તેમજ વાદીઓની દાવા વાળી જમીનના માલીકી કબજા ભોગવટાનો વાપર ઉપયોગમાં પ્ર.વાદીઓ જાતે કે અન્ય કોઈ મારફતે કોઈપણ પ્રકારનો હેલો,હરકત, અવરોધ રૂકાવટ કરે કરાવે નહી. તેવો મનાઈ હુકમ મેળવવા દાવો કરેલ છે. તે તમામ હકિકત વાદીઓએ ખોટી જણાવેલ છે.**વધુમાં** આ કામના વાદી પોતાના ઘરની પાછળ જે દાવાવાળી જગ્યા આવેલી છે. તે દાવાવાળી જગ્યા તેઓની માલીકીની છે. કે કેમ તે દર્શાવતો કોઇ આધાર પુરાવો આપ નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી.વધુમાં સદર કામે આ કામના વાદીઓને ધી ઈન્ડીયન એવીડેન્સની કલમ–૧૧૫ નો બાદ નડે છે.

**(૨.૧૨)** વધુમાં પ્રા.વાદી તેના જવાબમાં જણાવે છે કે, સદરહુ કામે અમો પ્ર.વાદીઓએ જે બારણા મુકેલા છે. તે વડીલો વખતથી મકાન બનાવ્યા તે સમયથી જ આવેલા છે. અમો

પ્ર.વાદીઓ એ અમારી પૂર્વ તરફની પછીતની દિવાલ ઉપર વર્ષેથી નાખેલા પતરા તેમજ લાકડા જરજરીત થઈ જતાં નજીકમાં ચોમાસુ આવતુ હોવાના કારણે અમો પ્ર.વાદીઓ જે જગ્યાનો માલીકી હકક તેમજ કબજાની રૂએ તેમજ સુખાધીકારની રૂએ જે ૭ ફુટની જગ્યા નો વડીલો વખતથી કોઈ પણ જાતનની રોકટોક વગર વાદીઓની જાણમાં સદરહ દાવાવાળી જગ્યાનો સુખાધીકારનો ઉપયોગ કરીએ છીએ. અને અમો પ્ર.વાદીઓના નવીન નાખેલ પતરાના નેવા આ કામના વાદીજે જગ્યાનો પતરા તેમજ સીમેન્ટના બીંબ નાખી જે જગ્યાનો વાપર ઉપયોગ કરે છે. તે જગ્યામાં નેવા ન પડે તે રીતે પતરાનો શેડ નાખેલ છે. અને વાદીઓ તેમજ પ્ર.વાદીઓના આ બંને શેડ વચ્ચે વરસાદના પાણીના નીકાલ માટે નીકની તથા ઉપર બંને પક્ષકારોના પતરા વચ્ચે ખુલ્લી જગ્યા આવેલ છે. આ કામના વાદી તેમની બંને અરજીમાં એવુ જણાવે છે કે, તેઓના મકાનની પછીતે ખુલ્લી જગયા આવેલી છે. તે હકિકત સાચી નથી. હકિકતમાં આ કામના વાદીઓ પણ તેમના પછીતના ભાગમાં ૭ થી ૮ ફુટનું પતરાનો શેડ નાખેલો છે. અને તે શેડની નીચે સપોટ આપવા માટે સીમેન્ટના બીંબ નાખી શેડ બાંધેલો છે. અને તેનુ પાણી અમો પ્ર.વાદીઓના મકાન ની અંદર જાય તેવા બદઈરાદાથી નાખેલ છે. અને અમો પ્ર.વાદીઓ તેમજ વાદીઓ ના આ બંને શેડની વચ્ચે વરસાદના પાણીના નીકાલની નીક આવેલ છે. તેમજ આ કામના વાદી નં–૩ નાઓની માલીકીના મકાનની પછીતના ભાગે વાદી નં–ર નાઓ એ સંડાસ તેમજ બાથરૂમ બનાવેલ છે. આમ આકામના વાદી જો એમ કહેતા હોય કે દાવા વાળી જગ્યા ખુલ્લી હતી. અને તેઓની માલીકીની હતી. અને આ દાવો કર્યા તે સમયે પ્ર.વાદીઓ એ સદરહું મીલ્કત ઉપર ગેરકાયદેસર રીતે દબાણ કરી શેડ નાખેલાની હકિકત ખરી નથી. વધુમાં આ કામે આકામના વાદીઓ એ દાવાવાળી જગ્યા કોઈ પણ જાતના બાંધકામ વગરની અને ખુલ્લી જમીન છે તેવું વાદી તેમની બંને અરજીમાં જણાવે છે. જે હકિકત આ કામના વાદીએ ખોટી જણાવેલ છે. હકિકતમાં આ કામના વાદીઓ પણ ઘણા વર્ષોથી તેમની પછીતની દિવાલ ના પાછળ ના ભાગે લોખંડના પતારા નાખી તેમજ સીમેન્ટના થાંભલા બનાવી રળથળ કરી તેમજ વાદી –૩ ના મકાનના પાછળના ભાગે વાદી–ર નાએ સંડાસ બાથરૂમ બનાવેલ છે. તે હકિકત આ કામની બંને અરજીઓ માં વાદીઓ એ છુપાવી હોય તે બાબત સાબીત કરવા માટે અમો પ્ર.વાદીઓ ની દાવા વાળી જગ્યાનુ પંચનામું તથા વાદીઓ એ બનાવેલ

શેડ તથા સંડાસ બાથરૂમની હકિકત રેકર્ડ પર લાવવા માટે આ કામના વાદીઓની પછીતની દીવાલ થી પ્ર.વાદીઓની પછીતની દિવાલ સુધીની લંબાઈ પહોળાઈ તેમજ તેમાં ઉપરોકત જણાવેલ હકિકતો દર્શાવતુ પંચનામું કરવા અરજ આપેલ છે.વધુમાં વાદીઓની દાવા અરજીની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલી અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરનારી તથા વિકૃત સ્વરૂપની હકીકતોથી દાવો તથા મનાઈ અરજી કરેલ હોય જે ત્રાસ દાયક હોય ખર્ચ સહિત દાવા અરજી તથા મનાઈ અરજી રદ કરવા હુકમ ફરમાવશો.

(૩) વધુમા, અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો ન્યાયી જણાય છે કે, આ કામે હાલનો આ દાવો વાદી દવારા તા. ૧૦/૦૬/૨૦૧૪ ના રોજ પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, બાયડ સમક્ષ દાખલ કરવામા આવેલ અને તે રીતે વાદીના દાવાને .દી.મુ. નં. ૦૪/૨૦૧૪ થી રજીસ્ટર કરવામા આવેલ છે. તેમજ, આ કામના પ્રતિવાદીઓએ તા. ૧૦/૦૬/૨૦૧૪ ના રોજ પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, બાયડ સમક્ષ આ કામના વાદી વિરૂધ્ધ રે. દી.મુ. નં. ૩૮/૨૦૧૪ દાખલ કરવામા આવેલ છે. તેમજ, આ બંને દાવાઓ મા પક્ષકારો તથા દાવાવાળી વિષ્ય વસ્તુ એક જ હોય અને દાવાઓમા તકરારો અને મુદદાઓ એક સરખા હોય બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવાનો આંક-૭૪ ની અરજી લગત હુકમ કરવામા આવેલ છે અને ત્યારબાદ આ બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવામા આવેલ છે.

(૪) વધુમા, અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો ન્યાયી જણાય છે કે, બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવાનો **આંક-૭૪** ની અરજી લગત હુકમ કરવામા આવેલ છે અને ત્યારબાદ આ બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવામા આવેલ છે. પરંતુ, સદર દાવાના કામે અત્રેની અદાલત દવારા મુકરર કરવામા આવેલ મુદદાઓ ધ્યાને લેતા તથા પક્ષકારો તર્ફે રજુ કરવામા આવેલ પુરાવો ધ્યાને લેતા આ દાવાના કામે પક્ષકારોએ પોતપોતાની દાવાવાળી મિલ્કતો પરત્વે મનાઈ હુકમ અંગેની દાદ માંગેલ છે જેથી આ કામે બંને દાવાઓની હકીકત અલગ અલગ હોય અને તે મુજબ તેના નીર્ણયના કારણો પણ અલગ-અલગ હોય બંને દાવાઓના હુકમ એકી સાથે કરવામા આવે તો તેના નીર્ણયના કારણો ની ચર્ચા ને લીધે ગુચવણ ઉભી થાય તેમ છે જેથી આ બંને દાવાઓના હુકમ અલગ-અલગ કરવામા આવેલ છે.

(૫) પક્ષકારો તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે પ્લીડીંગનાં સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: વાદીનો મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદની વિગત |
|---|---|---|
| ૦૧ | ૮૧ | વાદી રમેશભાઈ અંબાલાલ પેટલનુ સરતપાસનુ સોગંદનામુ |

**:: વાદીનો દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજોનું વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૮૩ | વાદીના મકાનનો વેચાણ દસ્તાવેલ અસલ |
| ૦૨ | ૮૪ | વાદી નં–૨ એ ઘર નં–૨૨૪ પરત્વે ટેક્ષ ભર્યાની અસલ પાવતી |
| ૦૩ | ૮૫ | વાદી નં–૧ એ ઘર નં–૨૨૪ પરત્વે ટેક્ષ ભર્યાની અસલ પાવતી |

આ કામના વાદી તરફે સદર દાવાના કામે વધુ કોઈ મૌખિક દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી અને વાદીઓ તર્ફે તા. ૧૩/૦૭/૨૦૨૩ ના રોજ આંક – ૮૯ ની કલોઝીંગ પુરસીશ રજુ કરવામા આવેલ છે.

(૬) આ કામના પ્રતિવાદી તરફે સદર દાવાના કામે કોઈ મૌખિક દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી અને પ્રતિવાદીઓનો પુરાવાનો હકક અત્રેની અદાલત દવારા તા.૦૭/૦૩/૨૦૨૪ ના રોજ **આંક – ૯૬** ની અરજી હેઠળ હુકમ કરી બંધ કરવામા આવેલ છે.

(૭) ઉપર જણાવ્યા મુજબનો પુરાવો પુર્ણ થયા બાદ દાવાનુ કામ પક્ષકારોની દલીલો સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ પરંતુ, આ કામે વાદી તર્ફે આંક–૧૦૩ થી પોતાના દાવાના સમર્થનમા લેખીત દલીલો રજુ કરવામા આવેલ છે તે સ્વિાય વાદીના વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે. જયારે આ કામના પ્રતિવાદીઓને પુરતી અને વાજબી તક આપવા છતા પ્રતિવાદીઓ તર્ફે કોઈ દલીલ કરવામા અવેલ નથી. વાદીઓ તર્ફે રજુ થયેલ દલીલો હાલના દાવાના આખરી નિર્ણયના કારણો ધ્યાને લઈ ચર્ચામા એકી સાથે વણી લીધેલ છે જેથી અહી તેની અલગથી ચર્ચા કરવી ઉચિત જણાતી નથી.

(૮) હાલના દાવાના ન્યાય નિર્ણય માટે **આંક-૨૯** થી નીચે મુજબના મુદૃા મુકરર કરેલા છે.

**-: મુદૃા :-**

(૧) શું વાદી પુરવાર કરે છે કે વાદીઓ અને પ્રતિવાદીઓના મકાનની પછીત વચ્ચે પુર્વ-પશ્ચિમ ૧૨ થી ૧૪ ફુટ પહોળાઈનુ અને ઉતર-દક્ષિણ લંબાઈની ખુલ્લી જગ્યા આવેલ છે તે વાદીની માલીકીની છે ?

(૨) શું વાદી સાબીત કરે છે કે પ્રતિવાદીઓએ વાદગ્રસ્ત જગ્યામા દબાણ કરેલ છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું ?

(૯) ઉપરોકત મુદૃાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧. નકારમા.

૨. નકારમા.

૩. નકારમા.

**૪. આખરી હુકમ મુજબ.**

**::: કા..ર..ણો :::**

**(૧૦)** આ દાવો દિવાની દાવો છે અને કાયદાના સ્થાપિત સિધ્ધાંતો અનુસાર દિવાની કેસ સંભવિતતાની સમતુલા પર નકકી કરવાના રહે છે અને દિવાની કાયદામાં શંકાથી પર હકીકતો પુરવાર કરવાની રહેતી નથી. વધુમાં દિવાની કેસોમાં વાદીએ પોતાના દાવાની હકીકતો પોતાના પગ પર જ પુરવાર કરવાની રહે છે અને તે પ્રતિવાદીની નિષ્ફળતાઓ કે દુર્બળતાથી પોતાનો કેસ સાબિત કરી શકતા નથી. વધુમાં જયારે વાદી દવારા કોઈ પક્ષ નિવેદન કરવામાં આવેલ હોય અને કોઈ મુદૃો ઉપસ્થિત કરવામાં આવેલ હોય ત્યારે પ્રતિવાદી તરફથી તે મુદૃાનો ઈન્કાર કરેલ હોય ત્યારે વાદીએ હકારાત્મક પુરાવો રજુ કરી એ મુદૃો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરવાનો રહે છે. વધુમાં આ અદાલતના મતે દિવાની કેસોમાં પક્ષનિવેદન, પુરાવાઓ અને પુરાવાની સાબિતી એકસૂત્રતાથી પુરવાર થયે વાદીના દાવામાં હુકમનામું થાય છે અને જો વાદી તેઓનો દાવો આ રીતે સાબિત કરવામાં નિષ્ફળ જાય તો તેના દાવામાં હુકમનામું કરી શકાય નહિ. પુરાવાનો બોજો અને પુરાવાનું ભારણ બંને અલગ અલગ બાબતો છે. પુરાવાનો બોજો એવી વ્યકિત

પર રહે છે કે જેઓએ હકીકત સાબિત કરવાની હોય છે અને તે કયારેય તબદીલ થતો નથી પરંતુ પુરાવાનું ભારણ સતત રીતે બદલાતું રહે છે. હાલના કેસમાં વાદી જયારે દાવો લઈને આવેલ છે ત્યારે વાદી પર તેઓના દાવાની હકીકતો સાબિત કરવાનો બોજો અને જો આવી હકીકતો પુરવાર થાય તો પુરાવાનું ભારણ પ્રતિવાદી પર તબદીલ થાય છે. જો આવા ભારણ સબંધે પુરાવો રજુ થાય તો ફરી તે તબદીલ થાય છે અને પુરાવાનું ભારણ સતત રીતે બદલાતું રહે છે.

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અનુસાર પુરાવાનો બોજો એ કાયદેસરનો બોજો છે અને કલમ ૧૦૨ અનુસારનો બોજો પુરાવા આપવાનો બોજો છે. દિવાની કેસમાં પુરાવાનો બોજો એવી વ્યકિત પર રહે છે કે જો કોઈ પુરાવો રજુ ન થાય તો તેનો કેસ નાસાબિત થાય. જો કોઈ વ્યકિત એવું ઈચ્છતી હોય કે કોઈ કાયદાકીય હકક કે જવાબદારી અંગે કોર્ટ તેઓની તરફેણમાં ચૂકાદો આપે તેવી વ્યકિતએ એવી બાબતો પુરવાર કરવાની રહે છે અને પુરાવાનો બોજો તેવી વ્યકિત પર રહે છે. આમ, પુરાવાનો પ્રથમ બોજો વાદી પર રહે છે અને જો આવો પુરાવો રજુ અને સાબિત થાય તો પુરાવાનું ભારણ પ્રતિવાદીને જાય છે અને તેણે વાદીએ આપેલા પુરાવાનું ખંડન કરવાનું રહે છે. પુરાવા દરમ્યાન જો પ્રતિવાદી યોગ્ય પુરાવો રજુ કરે તો ફરી પુરાવાનું ભારણ વાદી પર જાય છે. આખા કેસની કાર્યવાહી થયા બાદ જો કોર્ટને એવું જણાય કે કોઈપણ વ્યકિતનો પુરાવો સાચો નથી તો તેવા કિસ્સામાં એવું ઠરાવવામાં આવે છે કે જે વ્યકિત પર પુરાવાનો બોજો હતો તે વ્યકિત આ પુરાવાનો બોજો વહન કરી શકેલ નથી. ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને રાખી દિવાની કેસોમાં પુરાવાનું મૂલ્યાંન કરવાનું રહે છે.

(૧૨) <u>મુદ્દા નં.૧ અને મુદદા નં. ૨.</u>

ઉપરોકત **મુદા નં.૧** અને **મુદા નં. ૨** એકી સાથે સંકળાયેલ હોય જેથી બીન જરુરી પુનરાવર્તન ટાળવા બંને મુદાઓની ચર્ચા એકી સાથે કરવી ન્યયોચીત જણાતી હોય બંને મુદાઓની ચર્ચા અને તેના નિર્ણયના કારણોની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

આ કામે મુદા નં.૧ ની વિગતો જોવામા આવે તો, વાદીને તેની દાવા અરજીમા મુખ્યત્વે વાદીઓના મકાનો પીપળાવાળી ફળી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ છે. જયારે પ્રતિવાદીઓના મકાનો સામે દરાવતવાળી ફળી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ છે. બન્ને પક્ષકારોના મકાનો સામ સામેની ફળીમાં આવેલ છે તેવી હકીકતો રજુ કરેલ છે. વધુમા, વાદીઓ

દવારા પ્રતિવાદીઓ તેઓના મકાનોની પૂર્વે દાવાવાળી જમીનમાં અવરોધ થાય, વાદીઓને ભારે નુકસાન થાય અને સ્થળ સ્થિતિમાં ફેરફાર થાય તેવો પ્રયાસ કરવા અને મકાનોમાં પૂર્વેની પછીતે પૂર્વે પશ્ચિમના ઢાળ પડે તેમ લોખંડની પાઇપો પૂર્વે પશ્ચિમ ૭ ફૂટ લંબાઇની તેઓના મકાનોની પછીતમાં ખેંચી નાખેલ છે.જે લોખંડની પાઇપો આશરે ૧૫ નંગ જેટલી પ્રતિવાદીઓઓ તેઓના મકાનોની પછીતમાં નાખી દીધેલ છે અને આ રીતે દાવાવાળી જમીનમાં અન્ય હક્કો ઉત્પન્ન કરવા ગેરકાનુની પ્રયાસ કરી દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો, વાપર ઉપયોગ કરી શરીએ નહી અને પ્રતિવાદીઓ ખુલ્લી જગ્યામાં પાઇપો નાખી તેના ઉપર પતરા આજરોજ નાખી દાવાવાળી જગ્યા પૈકીની જગ્યા કવર્ડ કરવા પ્રયાસ કરેલ છે અને આ રીતે પ્રતિવાદીઓએ લોખંડની પાઇપો લાખી પતરા નખી નવા હક્ક, અધિકાર ઉત્પન્ન કરવા આજરોજ પ્રયાસ કરેલ છે તેવી હકીકત જણાવવામા આવેલ છે. આ કામના પ્રતિવાદીઓ દવારા વાદીની સદર હકીકતનો ઈન્કાર કરવામા આવેલ છે. આ કામે વાદીઓ દવારા રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામા આવે તો, આ કામે આંક-૮૧ થી રમેશભાઈ ભાઈ અંબાલાલ પટેલ નુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરવામા આવેલ છે. આ કામે હાલના પ્રતિવાદીઓ દવારા વાદીની ઉલટ તપાસ કરેલ નથી કે, વાદીના સરતપાસના સોગંદનામાની હકીકતોનુ ખંડન કરવા જાતે સોગંદપર કોઈ પુરાવો રજુ કરેલ નથી કે, કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આ કામે વાદી તર્ફે આંક-૮૩ થી અસલ વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે જે વંચાણે લેતા ચોઈલા ગામે સોની ભોગીલાલ મનસુખના ફળીયામા આવેલ મકાન પટેલ બુધાભાઈ બાજાભાઈ નાએ પટેલ શંકરભાઈ ચતુરભાઈને વેચાણ આપેલ છે. સદર દસ્તાવેજ વંચાણે લેતા તેમા હાલના દાવાની તકરારી વિષય વસ્તુ છે તે દાવાવાળી મિલ્કતો અંગે કોઈ જ વિશેષ સ્પષ્ટતા જણાય આવતી નથી. વધુમા, તે મિલ્કત હાલના દાવાવાળી મિલ્કતો પૈકીની કઈ મિલ્કત છે તેવો કોઈ ખુલાસો આ વાદીઓ દવારા કરવામા આવેલ નથી. વધુમા, તે વેચાણ થયેલ મિલ્કતને આ કામના પ્રતિવાદીઓની મિલ્કત પરત્વે કોઈ હવાઉજાસના સુખાધિકારો હોય તેવી કોઈ વિગત આ આંક-૮૩ ના વેચાણ દસ્તાવેજમા સ્પષ્ટ થતી નથી. વધુમા, આ વેચાણ દસ્તાવેજ મુજબ પણ વાદીઓને આ મકાનની માલીકીના હકો આપવામા આવેલ છે અને આ મકાનની પશ્ચિમે છુટી જમીન ઘર વપરાશની આવેલ હોવાનુ જણાવવા આવેલ છે પરંતુ, સદર જમીન અંગે કોઈ માલીકી હક આપવામા આવેલ હોય કે તે છુટી જમીનની માલીકી

વાદીઓને કે તેમના વડવાઓને આપવામા આવેલ હોવાની કોઈ હકીકત ફલીત થતી નથી. આમ, સદર દસ્તાવેજ પરથી આ કામના વાદીઓના દાવાને કે હાલના દાવાની તકરારી વિષય વસ્તુ છે તેને મદદ કરતી કોઈ હકીકત બહાર આવતી નથી. વધુમા, આ કામે વાદી તર્ફે આંક–૮૪ થી રજુ કરેલ દસ્તાવેજ વંચાણે લેતા આ કામે વાદી નં. ૨ મેલાભાઈ શંકરભાઈ દવારા ચોઈલા ગ્રામ પંચયતમા આ કામના પ્રતિવાદીઓ સામે તેમના દવારા કરવામા આવતા ગેરકાયદેસરના બાંધકામને અટકાવવા અંગે પત્ર લખવામા આવેલ છે. પરંતુ, આવો કોઈ પત્ર લખવા માત્રથી જ આ પ્ર તિવાદીઓ દવારા આવુ કોઈ ગેરકાયદેસરનુ બાંધકામ કરેલ હોવાની હકીકત પુરવાર થઈ શકે નહી. આ કામે ચોઈલા ગ્રામ પંચાયત દવારા વાદીઓની સદર અરજી અંગે શુ કાર્યવાહી કરેલ છે તેનો કોઈ ખુલાસો કરેલ નથી. આ કામે જો પ્રતિવાદીઓ દવારા આવુ કોઈ બાંધકામ ગેરકાયદેસર રીતે કરેલ હોય તો સહજ છે કે, ચોઈલા ગ્રામ પંચાયત દવારા આ પ્રતિવાદીઓ સામે કોઈ કાર્યવાહી કરેલ હોય પરંતુ, આવી કોઈ કાર્યવાહી કરવામા આવેલ હોય તેવો કોઈ પુરાવો આ વાદીઓ દવારા રજુ કરવામા આવેલ નથી. વધુમા, આ કામે ચોઈલા ગ્રામ પંચાયતને આ કામે પક્ષકાર તરીકે પણ જોડવામા આવેલ નથી જેથી પણ આ આંક–૮૪ થી રજુ દસ્તાવેજ વાદીને મદદરૂપ થતો નથી તેવુ મારુ માનવુ છે. વધુમા, આ કામે રજુ થયેલ પુરવા પરથી ફલીત થાય છે કે, દાવા વાળી મિલ્કત નં. ૨૨૪ છે તે વાદી નં. ૧ ની માલકી ની નથી. વાદીના કથન મુજબ આ મિલ્કત નં. ૨૨૪ છે તે મોતીભાઈ ચતુરભાઈ પટેલ ના નામે ચાલે છે. આ મોતીભાઈ ચતુરભાઈ પાસેથી વાદી નં. ૧ ને આ મિલ્કત કેવી રીતે કે કયા દરજ્જે પ્રાપ્ત થઈ તે અંગેનો કોઈ ખુલાસો વાદી નં. ૧ દવારા કરવામા આવેલ નથી. આમ, વાદીના કથન મુજબ વાદી નં. ૧ નો ફકત આ મિલ્કત નં. ૨૨૪ પર કબ્જો આવેલ છે અને તેઓ આ મિલ્કતનુ કોઈ ચોખ્ખુ ટાઈટલ ધરાવતા નથી જેથી વાદી નં. ૧ આ મિલ્કત નં. ૨૨૪ ના કાયદેસરના માલીક હોવાનુ પુરવાર થતુ નથી. વધુમા,આ કામે દાવાવાળી મિલ્કત પૈકી મિલ્કત નં. ૨૨૨ ની પણ વાદી નં. ૨ ની કાયદેસરની માલીકી ની ન હોવાની તેમજ, આ કામના વાદી નં. ૨ નુ આ મિલ્કત નં. ૨૨૨ મા ચોખ્ખુ ટાઈટલ આવેલ ન હોવાનુ જણાય આવે છે. વાદીના કથન મુજબ આ મિલ્કત નં. ૨૨૨ છે તે રેકર્ડ પર વાદી નં. ૩ મહેશકુમાર જયંતીલાલ ઉપાધ્યાય ના નામે ચાલે છે. આ વાદી નં. ૩ મહેશકુમાર જયંતીલાલ ઉપાધ્યાય પાસેથી વાદી નં. ૨ ને આ મિલ્કત નં. ૨૨૨ કેવી રીતે પ્રાપ્ત થઈ તે અંગેનો કોઈ ખુલાસો વાદી નં. ૨ દવારા કરવામા આવેલ નથી.

વાદીના કથન મુજબ વાદી નં. ૨ નો ફકત આ મિલ્કત નં. ૨૨૨ પર કબ્જો આવેલ છે અને તેઓ આ મિલ્કતનુ કોઈ ચોખ્ખુ ટાઈટલ ધરાવતા નથી જેથી વાદી નં. ૨ આ મિલ્કત નં. ૨૨૨ ના કાયદેસરના માલીક હોવાનુ પુરવાર થતુ નથી. વધુમા, વાદીઓ દવારા અગાઉ આ કામના પ્રતિવાદીઓએ તેમના મકાનની પછીતમા બારણા મુકેલ હોવાની હકીકત રજુ કરેલ છે અને વાદીઓ દવારા આ બાબતે મૌન સેવેલ હોવાનુ પણ જણાવેલ છે તો આ બારણાઓ આ પ્રતિવાદીઓ દવારા કેટલા સમય પહેલા મુકવામા આવેલ તે હકીકતો પણ જાહેર કરેલ નથી. વધુમા, પંચનામુ અને રેકર્ડ ધ્યાને લેતા આ પ્રતિવાદીઓ દવારા નવા પતરા નાખેલ છે અને ત્યાં અગાઉ પતરાઓ હતા જ અને આ પ્રતિવાદીઓ દવારા વાદીના હિસ્સાની કોઈ મિલ્કત કે હદમા આવા પતરાઓ નાખેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી કે આ પ્રતિવાદીઓ દવારા વાદીઓની હદમા કોઈ કાયમી બાંધકામ કરી દબાણ કરેલ હોય તેવો પણ વાદીઓ કોઈ કેસ નથી જેથી પણ વાદગ્રસ્ત જગ્યા આવેલ હોવાની કે, આ કામના પ્રતિવાદીઓ દવારા વાદીની હદમા કોઈ દબાણ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી. વધુમા, વાદીઓ દવારા તેમના હવા ઉજાસના હકકને અવરોધ થતુ હોવાનુ જણાવી હાલનો આ દાવો દાખલ કરેલ છે પરંતુ, સદર દાવાવાળી મિલ્કત છે તે આ વાદી નં. ૧ અને વાદી નં. ૨ ની કાયદેસરની માલીકીની કે વાદી નં. ૧ અને નં. ૨ ના ચોખ્ખા ટાઈટલ વાળી નથી. વાદીઓ દવારા અવો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી કે જેના પરથી આ મિલ્કત નં. ૨૨૨ અને મિલ્કત નં. ૨૨૪ ની આવેલ છે તેના પ્રતિવાદીની મિલ્કત પરત્વે કોઈ કાયદેસરના હવા ઉજાસના સુદાધિકારના અધિકારો રહેલ હોય તેવુ પુરવાર થઈ શકે. વાદી દવારા પ્રતિવાદીઓ સામે ચોઈલા ગ્રામ પંચાયતમા ગેરકાયદેસરનુ બાંધકામ કરેલ તે અરજીના કામે ચોઈલા ગ્રામ પંચાયત દવારા પણ કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી પણ આ પ્રતિવાદીઓ દવારા આવુ કોઈ દબાણ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.આમ, આ કામે રજુ રેકર્ડ પરથી આ વાદીઓ મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ ની વિગત મુજબ વાદીઓ અને પ્રતિવાદીઓના મકાનની પછીત વચ્ચે પુર્વ–પશ્ચિમ ૧૨ થી ૧૪ ફુટ પહોળાઈનુ અને ઉતર–દક્ષિણ લંબાઈની ખુલ્લી જગ્યા આવેલ હોવાની કે, આ ખુલ્લી જગ્યા વાદીની માલીકીની હોવાની કે તેના પર આ કામના પ્રતિવાદીઓ દવારા ગેરકાયદેસર રીતે બાંધકામ કરી દબાણ કરેલ હોવાની હકીકત વાદીઓ પુરવાર કરી શકેલ નથી તેવુ મારુ સ્પષ્ટપણે માનવુ છે. જેથી **મુદદા નં. ૧** અને **મુદદા નં. ૨** નો નિર્ણય તે મુજબ ન**કારમા** આપવામા આવે છે.

(૧૩) <u>મુદદા નં. ૩ અને મુદદા નં.૪</u>

સદર મુદાદઓ વાદી માંગણી મુજબની દાદ મેળવવા હકદાર છે કે કેમ ? અને શુ હુકમ અને શુ હુકમનામુ તે પ્રકારનો છે. ઉપરોકત ચર્ચા મુજબ મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ ની ચર્ચા કરી તે મુજબ વાદી મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ છે. જેથી આ સમગ્ર રેકર્ડ પર રજુ થયેલ પુરવા પરથી વાદીઓ પોતાનો દાવો પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ છે જેથી આ કામના વાદી તેની દાવા અરજીમા **પેરા–૧૧** મા માંગેલ કોઈ દાદ મેળવવા હકદાર નથી તેવુ આ કામે રજુ થયેલા પુરાવા પરથી પુરવાર થાય છે જેથી **મુદદા નં. ૩** નો નીર્ણય **નકારમા** ઠરાવી **મુદદા નં. ૪** અનુવ્યે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧: વાદીનો દાવો નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨: વાદીના દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ ભોગવવો.

૩: હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ, તા. ૧૧ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૬/૨૦૨૬.
બાયડ

( વિજય ચંદુલાલ મકવાણા )
પ્રીન્સીપલ સીનીયર સિવીલ જજ,
બાયડ
કોડ નં. જી.જે. ૦૦૯૯૭